૧૧, ફેબ્રુઆરી ૨૦૨૩

# નવા જંત્રીના દરની અમલવારીની સમય મર્યાદામાં વધારો કરવાના રાજય સરકારના નિર્ણયને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે...

રાજય સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાત રાજયમાં જંત્રીના ભાવ લગભગ બમણા કરવાની જાહેરાત કરાયેલ અને તેનો તાત્કાલીક અમલ કરવા હુકમ કરવામાં આવેલ હતો. આવા જંત્રીના ભાવ વધારાને કારણે સમગ્ર રાજયના વેપાર–ઉદ્યોગકારો તથા આમ જનતાને ખુબ જ હાલાકી પડી શકે તેમ છે. જેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર–ઉદ્યોગકારો તથા પ્રજાના હિતમાં નિર્ણય લઈ પુરતો સમય આપવામાં આવે તેમજ ખોટી કનડગત ન થાય તે માટે જંત્રીના દરની અમલવારી નવા વર્ષથી કરવા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી. જે રજુઆતનો સ્વીકાર થયેલ છે અને નવા જંત્રીના દરની અમલવારી ૧૫ એપ્રિલથી લાગુ કરવામાં આવશે. આમ રાજય સરકારના આ નિર્ણયને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

સાથો સાથ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું છેવાડાના માનવી સુધી "ઘર નું ઘર" સપનું સાકાર કરવાની નેમ હોય આટલા મોટા ભાવ વધારાનો બોજ હાલની વધતી જતી મોંઘવારી વચ્ચે સહન કરવો અઘરો સાબીત થઈ શકે તેમ છે. તેથી આવા ૧૦૦% જેટલા જંત્રીના ભાવ વધારામાં પણ તાત્કાલીક ઘટાડો કરવામાં આવે તેવી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા માંગણી કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.